આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ ધન

આજના ગ્રહોની કુંડળી



આજે ચંદ્ર ધનરાશિમાં છે. સૂર્ય ઉચ્ચનો ગ્રહ છે. મંગળ - શનિ - રાહુ - ગુરુ - વક્રી ચાલે છે. આજે ચાડાંલ યોગ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો... શુક્રનો મેષ રાશિ પ્રવેશ અગિયાર વાગે ગઇકાલે થઇ ગયો.

મેષ રાશિમાં સૂર્ય બુધની સાથે શુક્રનો પ્રવેશ બુધની વક્રગતિને અમલમાં મુકશે જેથી મંગળ - શનિ - રાહુ - ગુરુ - બુધ વક્ર ગતિથી ચાલતા ગ્રહો થશે. મિશ્રફળ મળે. દિવસ સાધારણ.

વૃષભ શનિ મંગળની સાતમે વક્રગતિથી ચાલ હોઈ તેમજ અન્ય ગ્રહોની સ્થિતિ સારી ન હોઈ દિવસ સાધારણ જશે - મિશ્રફળ મળવાપાત્ર છે - દિવસ સામાન્ય જશે.

મિથુન ચંદ્ર સાતમે સારો ગણાય છે. કૌટુંબિક જીવન, મિત્ર વર્ગથી સહાય - લગ્ન જીવન સારું - જીવનસાથીનો સહયોગ - વિગેરે સારા યોગોથી આપને લાભો મળશે.

કર્ક આપને રાજદ્વારી ક્ષેત્રે બહુ જ સારા પ્રગતિકારક યોગો ચાલે છે જેથી ટૂંક સમયમાં આપ રાજદ્વારી ક્ષેત્રે સર્વોચ્ચ પદ હાંસલ કરી શકશો - લોકોને આકર્ષી શકશો.

સિંહ ચાંડાલ યોગ આપની રાશિમાં ચાલે છે. જેને કારણે આપની વાણી ઉપર આપનો કાબૂ રહેશે નહીં. અપ શબ્દો ઉચ્ચારવા નહીં - મિત્રો કરતાં શત્રુ વધે તેવા યોગવાળો દિવસ છે.

કન્યા શુક્ર બદલાઈ ગયેલ છે - મીનમાંથી મેષમાં ગયેલ છે તેથી આપની રાશિનો તેજીનો તોખાર ધીમો પડી જશે - જે ઝડપથી દોડતા હતા તે ઝડપ ઓછી થઈ જશે - દિવસ મિશ્ર જશે.

તુલા રાશિપતિ શુક્ર સાતમે આવીને દ્રષ્ટિ કરે છે સાથે સાથે ઉચ્ચનો સૂર્ય પણ આપની રાશિ ઉપર દ્રષ્ટિ કરે છે. વકીલાતના વ્યવસાયમાં હશો તો કમાશો.

વૃશ્ચિક રાશિમાં શનિ - મંગળ વક્રી ચાલે છે. દસમે ચાંડાલ યોગ ચાલે છે - સ્થાનોની દ્રષ્ટિએ નીચ ભંગ રાજયોગ થતો હોઈ આજનો દિવસ તમારે માટે સારો આનંદમાં જશે.

ધન રાશિમાં ચંદ્ર લોકપ્રિયતાનો ઝંડો લહેરાવે તેવો યોગ છે. ભાગ્યમાં ચાંડાલ યોગ સારો છે. સ્થાનોની દ્રષ્ટિએ ગ્રહોની સ્થિતિ જોતાં આપનો આજનો દિવસ આનંદમાં જાય.

મકર આઠમે ચાંડાલ યોગ - ચોથે સૂર્ય બુધ શુક્રની યુતિ વિગેરે યોગો જોતાં તમારી આજની દિનચર્યા સારી જશે. ગ્રહો જોતાં આપનો આજનો દિવસ આનંદમય જશે.

કુંભ ગ્રહોની એકંદર સ્થિતિ જોતાં આપની રાશિની આજની કુંડળી સારી જણાય છે. કૌટુંબિક અને સાંસારિક વાતાવરણ સારું રહેશે.

મીન બીજે શુક્ર - સૂર્ય - બુધની યુતિ તેમજ અન્ય ગ્રહોની સ્થિતિ આપની આજની કુંડળીમાં જોતાં આપનો આજનો દિવસ આનંદમય જશે.

ગુલમોર ● ૪ પાનાનું ચાલુ...

જવાબ છે. જે સ્ત્રી-પુરુષ વચ્ચે સંપૂર્ણ પ્રેમભાવ હોય, સમર્પણભાવ હોય અને કોઈ જ તર્ક ન હોય તો જ એવા યુગલે વિવાહ (પ્રેમ) કરવો ઉચિત અને યોગ્ય છે. અન્યથા નહીં. તમે જોઈ શકો છો કે મારાં પત્નીને જ્યારે હું કશુંક કહું છું ત્યારે તે મારા વચનનું અક્ષરશઃ પાલન કરે છે અને મારું કહેલું સંપૂર્ણ માની લે છે. એ કોઈ દલીલબાજી યા તર્કબાજી કરતાં નથી. કેમ કે તેમનો મારા પ્રત્યેનો આ પ્રેમભાવ અને સમર્પણભાવ છે. પ્રેમ હોય એટલે સમર્પણની હાજરી હોય જ. પ્રેમ અને સમર્પણ હોય ત્યાં તર્ક યા દલીલને તો કોઈ સ્થાન જ નથી. અમારી વચ્ચે આ સમજણ છે. જે યુગલ વચ્ચે આવી સમજણ હોય તેઓ એકબીજા સાથે અવશ્ય વિવાહ યા પ્રેમથી અનુબંધિત હોય જ છે.''

કબીરજીએ સાચું જ કહ્યું છે કે પ્રેમ યા કોઈ પણ સંબંધમાં (૧) પ્રેમ અને (૨) સમર્પણ હોય, પરંતુ (૩) તર્ક ન હોય. સંબંધમાં ક્યાંય તર્કબાજીનું નામોનિશાન ન હોય એ જ સંબંધ સાચો. એક વ્યક્તિ કહે અને સામી વ્યક્તિ એ કહેલું માની જ લે, એ પ્રેમનો પાયો અને વિશ્વાસ છે. પ્રેમમાં લડી લેવાનું કે દલીલોના કોથળા ઠાલવવાના હોય નહીં. એવા ઝગડા મીઠા નહીં કડવા કહેવાય. આમ તો પ્રેમમાં મીઠો ઝગડો હોઈ શકે. પરંતુ જ્યારે પ્રેમ, સમર્પણ હોય અને તર્કબાજી ન હોય તો પછી કોઈ મીઠા કે ખારા ઝગડાને પણ સ્થાન નથી રહેતું. પ્રેમની ધારા અસ્ખલિતપણે વહેતી રહેવી જોઈએ.

સ્ટોપર :

"પ્રેમ તમને જીવન જીવતા શીખવે છે."

- રૂમિ

નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

મૌલિકભાઈ કંઈ બોલ્યા નહીં. તેમણે ત્રાંસી નજરે જોયું. રવિન્દ્રને ગુસ્સો આવેલો હતો. તે થોડીવાર ત્યાં ઊભો રહ્યો પછી અંદર જતો રહ્યો. તેમને એમ લાગ્યું કે રવિન્દ્ર સમજી ગયો છે. તેમને ટાઢક થઈ.

સાહેબ, આ આટલાં શેતુર નીચે પડ્યા છે એ અમે વીણી લઈએ?

મૌલિકભાઈએ જોયું તો સામેની ઝૂંપડપટ્ટીનાં છોકરાંઓ દરવાજા પાસે ઊભા હતા. તેમને જોઈને મૌલિકભાઈનું મન હળવું થયું.

આ તો રોજનું હતું. ઉનાળો આવતાં જ શેતુરનું ઝાડ શેતુરથી લચી પડતું. પછી પહેલાં શેતુર ટપ ટપ જમીન પર પડવા લાગતા. મૌલિકભાઈ ઝૂંપડપટ્ટીના છોકરાઓને દરવાજો ખોલી અંદર આવવા દેતા અને તે બધા શેતૂર વીણીને લઈ જતા. રવિન્દ્ર અને તેની વહુ શેતુર ન ખાતા. અને પૌત્ર છોકરાઓને જોઈ ખીંજાઈ જતો. હાં પૌત્રો સ્નેહા ને શેતૂર ભાવતા, તે શેતૂર ભેગા કરતી, પાણીથી ધોતી અને દાદાજીની સાથે મળી ખાતી.

મૌલિકભાઈએ દરવાજો ખોલ્યો. છોકરાંઓ અંદર આવી ગયા. તેમને જોયુ કે રવિન્દ્ર ઓફિસે જવા નીકળે છે. તેણે એક નજર મૌલિકભાઈ અને છોકરાઓ તરફ નાંખી અને નીકળી ગયો. મૌલિકભાઈને લાગ્યું કે વાત પતી ગઈ છે.

મૌલિકભાઈને પત્નીના અવસાન બાદ ખુબ જ એકલવાયું લાગતું. ત્યારે આ શેતુરનું ઝાડ તેમના સુખદુઃખનું સાથી હતું. શિયાળામાં તે નાના દીકરાને ઘેર મુંબઈ જતા. આ વખતે તેમનું મન માનતું ન હતું. છતાં દીકરાના આગ્રહને વશ તે મુંબઈ ગયા. શિયાળો પુરો થતાં તે પાછા આવ્યા અને પોતાના શહેરના રેલ્વે સ્ટેશનને ઉતર્યા ત્યારે એક સુખદ અનુભૂતિનો અહેસાસ થયો. મૌલિકભાઈની ઓટોરીક્ષા ઘરની સામે ઊભી રહી... તેમને કંઈક બદલાયેલું લાગ્યું.

'અરે ! બેટા શેતુરનું ઝાડ કયાં ગયું?' તેમણે દીકરાને પુછ્યું. તેમનો ચહેરો ઉદાસ થઈ ગયો.

'ભાઈ એ કપાવી નાંખ્યું... ઉધઈ લાગી ગયેલી. અને મકાનનું રીનોવેશન પણ કરાવવાનું હતું.' દીકરાએ કહ્યું.

મહામુશ્કેલીએ મૌલિકભાઈ રીક્ષામાંથી ઊતર્યા. મન ખાટું થઈ ગયું. અંદર ગયા... જોયું તો સ્નેહા વચ્ચોવચ્ચ શેતુરના ઝાડની જગ્યાએ એક છોડ વાવી રહી હતી.

પ્રજાનો જનાદેશ ● અનુસંધાન પહેલાનું ચાલુ

વોર્ડ નં. ૪માં કોંગ્રેસના અંકિત બારોટનો વિજય થયો હતો પરંતુ તેના ત્રણ સાથીઓના પરિણામ પર લોકવિકાસ મંચના ઉમેદવારો હાવી થતાં ભાજપના ત્રણ ઉમેદવારો વિજયી થયા હતા. આ વોર્ડમાં સચિવાલય સ્ટાફ એશો.ના પૂર્વ અગ્રણી મનુ મહેતાનો પરાજય થયો હતો. ભાજપના સુભાષ પટેલના પરાજયથી પણ ભાજપમાં નિરાશા વ્યાપી જવા પામી હતી.

વોર્ડ નં. ૮ની અત્યંત રસાકસીભરી બનેલી મતગણતરી પર સૌની નજર મંડાઈ હતી. આ વખતે છેલ્લી ચાર બેઠક જો ભાજપ જીતે તો ૧૭ બેઠક થાય અને કોંગ્રેસને ૧૫ બેઠક મળે, જો કોંગ્રેસને બે બેઠક મળે તો તેની બેઠક ૧૭ થાય તેવી સ્થિતિ ઉભી થઈ હતી.

પ્રથમ રાઉન્ડમાં ભાજપે સરસાઈ મેળવી હતી પરંતુ બીજા રાઉન્ડમાં કોંગીના પીનાબેન મેણાત ભાજપના પ્રવિણાબેન ગરાસિયા કરતાં ૧૫ મત વધુ મેળવી વિજયી થતાં અને ભાજપને ત્રણ બેઠક મળતાં તેની પણ ૧૬ બેઠક થઈ હતી.

આજે થયેલી મત ગણતરીમાં જે આંખે ઉડીને વળગે તેવી બાબતોમાં કોંગ્રેસની ત્રણ પેનલો વિજયી થઈ હતી જ્યારે ભાજપની એક પેનલ જ વિજયી બની હતી.

ભાજપ અને કોંગ્રેસના વિજેતા ઉમેદવારોને મળેલા મતોમાં કોંગ્રેસના ઉમેદવારોએ ૧૧ હજાર જેટલા મત વધુ મત મેળવ્યા હતા.

થયેલ મતદાનને આધારે મળેલ મતોનું ટકાવારીમાં વિભાજન કરીએ તો કોંગ્રેસને ભાજપ કરતા ૨.૫ ટકા જેટલા મત વધુ મળ્યા છે.

કોંગ્રેસના ચાર ઉમેદવારો ૬ હજાર કરતાં વધુ મત થયેલા મતદાનમાંથી મેળવી ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો છે.

ભાજપના ઉમેદવારોમાં સૌથી મોટી સરસાઈ વોર્ડ નં. ૧માં દેવેન્દ્રસિંહ ચાવડાએ મેળવી હતી તો કોંગ્રેસમાં શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ મેળવી હતી.

આ ચૂંટણીમાં ઓન લાઈન વોટીંગે વિજયની પાતળી સરસાઈ હોવા છતાં પુનઃ મતગણતરીની શક્યતાઓને નિવારવામાં તંત્રને સફળતા અપાવી હતી. આ ચૂંટણીમાં પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા બે પક્ષના પૂર્વ પ્રમુખો શ્રી મુકેશ પટેલ અને રૂચિર ભટ્ટનો પરાજય થયો છે તો બે કાઉન્સીલરોની પત્નીઓમાં એક કાઉન્સીલરની પત્નીનો વિજય થયો છે. કોંગ્રેસના નવ કાઉન્સીલરોને પુનઃ ટિકિટ અપાઈ હતી જેમાં સાતનો વિજય થયો છે તો ભાજપે પાંચને ટિકિટ આપી હતી અને જેમાં બેનો પરાજય થયો છે.

શહેરમાં ઉત્તેજના ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવર્તી હતી. પ્રથમ વોર્ડન-૧ની આખી પેનલ ભાજપના પોકેટમાં જતા કોંગ્રેસ માટે અપસેટ સર્જાયો હતો. જયારે તબક્કાવાર જાહેર થતા જુદા જુદા વોર્ડના પરિણામના અંતે પણ બન્ને પક્ષ માટે સમાંતર સ્થિતિ જોવા મળી હતી. જેના લીધે શરૂઆતથી અંત સુધી પરિણામ આડેથી પડદો ઉંચકી શકાયો ન હતો. પ્રત્યેક વાર્ડના પરિણામ જાહેર થતા જાણે જનમતનુ પલ્લુ એકપણ બાજુ નમતુ નજરે પડયુ ન હતુ. આ સ્થિતિ વચ્ચે ઉમેદવારો પણ સુન્ન પડી ગયા હોય તેવો માહોલ સર્જાયો હતો. ક્યાંક પેનલ તુટયાનો અફસોસ તો ક્યાંક આખી પેનલ પર પ્રજાએ મતોની મહોર લગાવી દેતા પરિણામ લક્ષી સમીકરણો રાજકીય પક્ષોની અપેક્ષા મુજબ સેટ થયા ન હતા. જેના લીધે પરિણામના અંતે પણ બન્ને પક્ષે જાણે અપસેટ સર્જાયો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. કોર્પોરેશનની ચુંટણીમાં ટાઈ પડતા પરિણામ જાહેર થયા બાદ પણ ઉત્તેજનાનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.

ગંભીરતાથી લીધા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેર પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટ, સહકારી આગેવાન શ્રી ઘનશ્યામ પટેલ સહિતની આખી પેનલનો વૉર્ડ નં. ૭માં ૧ હજાર જેટલા મતની સરસાઈથી પરાજયને પક્ષ ગંભીરતાથી લઈ રહ્યું છે.

ભાજપના ગઢ ગણાતા વૉર્ડ નં. ૬, ૭ અને ૮માં ૫૦ ટકા બેઠકો કોંગ્રેસે કબ્જે કરી તેની તાકાત આ નગરના નવા વિકસીત સેક્ટરોમાં પણ એટલી જ છે તે પુરવાર કરી દીધું છે જે સૌથી વધુ ચિંતાનો વિષય બન્યો છે.

ભાજપના પ્રદેશ નેતાઓ ઉપરાંત છ જેટલા જિલ્લાઓ અને અમદાવાદ, વડોદરા, સુરત મનપાના ચુનંદા નેતાઓને મેદાનમાં ઉતારી પક્ષની પ્રદેશ નેતાગીરીને ભારે કવાયત કરવી પડી છે. આ ઉપરાંત પહેલીવાર ગાંધીનગર મનપાના ચૂંટણી જંગમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને પણ મેદાનમાં ઉતરવાની ફરજ પડી હતી. મુખ્યમંત્રી પદે નરેન્દ્રભાઈ હતા ત્યારે તેઓ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની પ્રચાર ઝુંબેશમાં જોડાયા નહોતા.

ભાજપના આગેવાનોએ ૨ રથી વધુ બેઠકો મેળવવાની વાતો કરી હતી પરંતુ પરિણામ જુદુ આવ્યું છે જે પ્રદેશ નેતાગીરી માટે ચિંતાનો વિષય બન્યું છે.

અહીં ઉમેદવારોની પસંદગી, નવુ સિમાંકન તેમજ કાર્યકર્તાઓમાં ઉભી થયેલી જૂથબંધીની ભાવનાથી પક્ષના સંગઠન સામે ગંભીર પડકારો ઉભા થયા છે. પક્ષના સંગઠનના હોદ્દેદારોના નામ મતદાર યાદીમાં ન હોવાની વાત પણ ચર્ચાનો મુદ્દો બની હતી.

ગાંધીનગરની ચૂંટણીમાં મતદાનના એક દિવસ પૂર્વે સંકલ્પ પત્ર જાહેર કરવાની વાતને લઈ પણ કાર્યકરો મતદારો સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યા હતા. પ્રદેશ નેતાગીરીએ હવે મંથન કરવા માટે મન બનાવી લીધું છે ત્યારે ૨૦૧૨ની ચૂંટણી પછી મનપાના આ ચૂંટણી જંગમાં ૬૩૦૦થી વધુ ઓછા મત મળવાને લઈ કાર્યકર્તાઓમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

આ ચૂંટણીમાં પક્ષના નેતા ગોવિંદભાઈ પરમાર, સંગઠનના અગ્રણી કનુભાઈ દેસાઈ, શહેરના પૂર્વ પ્રમુખ રૂચિર ભટ્ટ અને પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાનો પરાજય પણ મંથનમાં મુખ્ય રહેશે તેવા સંકેતો મળી રહ્યા છે. ખાસ કરીને વૉર્ડ નં. ૬, ૭, ૮માં કોંગ્રેસની સફળતા એ નેતાગીરીને ઉંઘમાંથી જગાડી છે તેવું કાર્યકર્તાઓ બોલતા થયા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

મતગણતરીને પગલે વિદ્યાર્થીઓ હેરાન થયા

સરકારી કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મેનેજમેન્ટનું પેપર હતું. પરંતુ મતગણતરી હોવાતી પોલીસ બંદોબસ્ત ચુંસ્ત હોવાથી જવાનો આઈકાર્ડ ચેક કરીને જવા દેતા હતા. પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ પાસે આઈકાર્ડ ના હોવાથી વિદ્યાર્થીઓને કીલોમીટર ફરીને જવું પડતા વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળ્યો હતો.કોલેજ સત્તાવાળાઓ ખુદ વિદ્યાર્થીઓને લેવા માટે બહાર ગેટ પર આવ્યા હતા.

મતગણતરી કેન્દ્ર પર ૧૦ મણ ગુલાલ કાર્યકરોએ ઉડાડ્યો

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ સરકારી વિનયન કોલેજ ખાતે યોજાયેલ મહાનગર પાલિકાની મતગણતરીને પગલે વેપારીઓ સવારથી જ ફુલોના હાર તેમજ મોટીમાત્રામાં ગુલાલ લઈને આવી પહોંચ્યા હતા. ઉમેદવારોના ટેકેદારો જીતના સમાચાર આવતા જ ગુલાલ અને હારની ખરીદી કરીને પોતાના ઉમેદવારને પહેરાવી ગુલાલ છાંટીને અભિનંદન પાઠવ્યા હતા. ૩૨ વિજેતા ઉમેદવારોના ટેકેદારોએ અંદાજે ૧૦ મણ ગુલાલ ઉડાડીને વાતાવરણ ગુલાલમય બન્યું હતું.

ફુલહારના વેપારીઓના ધંધામાં ઉણપ

(તસવીર : કશ્યપ નિમાવત)

મતગણતરી કેન્દ્ર પર સવારથી જ ફુલહારના વેપારીઓ ગોઠવાઈ ગયા હતા. રૂ. ૨૦૨,૪૦, ૫૦ ના હાર તેમજ ગુલાલની રૂ.૩૦ અને ૫૦ કોથળી મળતી હતી. જો કે ગુલાલના વેપારીઓને તો નફો થયો પરંતુ ફુલહારના વેપારીઓને જોઈએ તેટલો વેપાર ના થતા લાવેલો માલ ઘરે લઈ જવો પડ્યો હતો. જો કે વેપારીઓ ના મત મુજબ દરેક ચુંટણીમાં એક જ ગેટ પરથી ઉમેદવારો આવન જાવન કરતા હોય છે પરંતુ આ વખતે ચુંટણીમાં ઈન-આઉટ ગેટની વ્યવસ્થા કરવામાં આવી હતી તેની અમને ખબર નહોતી તેથી અમે કોલેજના મેઈન ગેટ પાસે વેપાર માટે બેસી રહ્યા હતા અને ઉમેદવારો વિજય સરઘસ નીકાળતા બીજા દરવાજા થી નીકળી ગયા હતા. જેને લઈને અમને નુકશાની વેઠવાનો વારો આવ્યો છે.

પાટીદાર આંદોલનની અસર ચૂંટણી પરિણામ ઉપર ન થઈ

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી માટે ખુબ જ પ્રતિષ્ઠા સમાન બની રહેલી ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામમાં બન્ને મુખ્ય પ્રતિસ્પર્ધી પક્ષ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ટાઈ પડતા ભારે અસમંજણ ભરી સ્થિતિ સર્જાઈ હતી. આ ચૂંટણી પરિણામ છેલ્લા દોર સુધી કોંગ્રેસની આગેકૂંચ જારી રહી હતી. કુલ આઠ વોર્ડ પૈકી સાત વોર્ડના પરીણામમાં ભાજપને ૧૩ બેઠકો મળી હતી જ્યારે કોંગ્રેસની ૧૫ બેઠકો સાથે આગેકૂંચ જારી રહેતા મહાનગર પાલિકામાં કોંગ્રેસનું જ શાસન આવશે તેવી શક્યતા ઉજળી બની હતી. પરંતુ વોર્ડ નં-૮ના જાહેર થયેલા પરીણામે તમામ સમીકરણો બદલી નાંખ્યા હતા.

મત ગણતરીની સાથે સાથે

- ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીની મતગણતરી પ્રક્રિયા સેકટર - ૧૫ સરકારી વિનયન કોલેજ ખાતે યોજાઈ હતી.
- કોલેજ ખાતે મતગણતરી મથક પર વિશાળ પોલીસ કાફલો કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉતારવામાં આવ્યો હતો.
- વહેલી સવારથી જ ઉમેદવારો સમર્થકો સાથે મતગણતરી મથક પર પહોંચી ગયા હતા.
- કોલેજ ખાતે સવારે ૧૦ વાગ્યા સુધી ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો ઓછી માત્રામાં જણાયા હતા.

(તસવીર : નિકેશ બારોટ)

- કોલેજના આસપાસના વિસ્તારમાં વહેલી સવારથી જ ખાણી પીણી અને ઠંડાના સ્ટોલ લાગી ચુક્યા હતા.
- મતગણતરી સવારે ૯ કલાકે શરુ થવાની હોવાથી કાર્યકરો ચા- પાણી અને નાસ્તાની જયાફત માણતા નજરે પડ્યા હતા.
- મતગણતરી સ્થળે પહોંચવા ઉમેદવારોએ મોટાપ્રમાણમાં ખુલ્લી એડવેન્ચર જીપનો ઉપયોગ કર્યો હતો.
- મતગણતરી મથકે પોલીસ દ્વારા ઈન-આઉટ ગેટ રાખવામાં આવ્યા હતા. જીતેલા ઉમેદવારો ગેટ નં-૨ ખાતે ની બહાર આવ્યા હતા.
- જીતેલા ઉમેદવારો બહાર આવ્યા બાદ કોલેજ ગેટની આગળ ઉભેલા કાર્યકરો તેમને મળવા માટે દોટ મુકતા નજરે પડયા હતા.
- સામાન્ય રીતે રુપીયા દશમાં મળતી ગુલાલની થેલી મીનીટોમાં રૂ.૫૦માં વેચાવા લાગી હતી.
- ભાજપની વોર્ડ નંબર -૧ ની પેનલનો ભવ્ય વિજય થતા બહાર ઉભેલા કાર્યકરોએ જીતનું જશ્ન મનાવાનું શરુ કર્યું હતું. એકબીજાને અભિનંદન આપી ફટાકડા ફોડી ડી.જે ના તાલે લોકો ઝુમ્યા હતા.
- જયારે ગણતરીની મિનીટોમાં વોર્ડ નં-૫ ની કોંગ્રેસની પેનલ જીતતા કોંગ્રેસના કાર્યકરો પણ ગેલમાં આવી ગયા હતા.
- એક પછી એક ઉમેદવારોની જીત થતા બહાર મોટીસંખ્યામાં કાર્યકરોનો ભારે જમાવડો થયો હતો.
- મતગણતરી દરમિયાન મિડીયાના મિત્રો સિવાય કોઈને પણ મોબાઈલ સહિતના વિજાણું ઉપકરણો લઈ જવા દેવામાં આવ્યા નહોતા.
- વોર્ડ નં-૩ ની મતગણતરી ચાલી રહી હતી તે દરમિયાન ભારે કશમકશ વચ્ચે પાતળી સરસાઈ જણાતા અનેક ઉમેદવારોના જીવ તાળવે ચોંટ્યા હતા.
- વોર્ડ નં- ૭ ના ઉમેદવાર જયરાજસિંહ વાઘેલા ફુલ કોન્ફીડન્સથી મતગણતરી કેન્દ્ર પર આવ્યા હતા. વિજય સરઘસ માટે ડીજે, ઢોલ અને ખુલ્લી જીપ પણ બોલાવી દીધી હતી.
- કોંગ્રેસના વોર્ડ નં-૬ ના ઉમેદવાર લાલુભા વાઘેલાએ સ્થળ પર જ બળાપો કાઢતા જણાવ્યું હતું કે ધોળાકુવા એ મને હરાવ્યો છે.
- મતગણતરી કેન્દ્ર પર હાસ્ય સાથે પ્રવેશેલા ઉમેદવારો હારી જતા નિરાશા સાથે પરત ફર્યા હતા.
- ગાંધીનગર પોલીસ આમ જનતાની ગાડીઓ પરથી ફિલ્મ પટ્ટીઓ દુર કરાય છે અને દંડ વસુલવામાં આવે છે. ત્યારે મતગણતરી કેન્દ્રમાં અંદર રહેલી મોટાભાગની ઉમેદવારોની ગાડીઓ અને ટેકેદારોની ગાડીઓમાં કાળા કાચ જોવા મળ્યા હતા.
- જીતેલા ઉમેદવારો સાથે સેલ્ફી લેવા કાર્યકરોએ પડાપડી કરી હતી.
- કોલેજ આસપાસનું વાતાવરણ ચક દે ઈન્ડીયા, અને દેશભકિતના ગીતથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.
- જિલ્લા પોલીસ વડા કોલેજ ખાતે આવી પહોંચ્યા હતા ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાતા માર્ગ કલીયર કરવાનો આદેશ પોલીસ જવાનોને આપ્યો હતો.
- ઉમેદવારોના કાર્યકરોએ અંદર મતગણતરી દરમિયાન જ ભારત માતા કી જય ના નારા લગાવતા એક સમયે ખુદ કલેકટરને સુચના આપવાની ફરજ પડી હતી.
- ભાજપના મહિલા મોરચાના અગ્રણી હીનાબેન પટેલ પણ મતગણતરી કેન્દ્ર પર દેખાયા હતા.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન આશિષ દવે વોર્ડ નંબર એક વિજેતા થતા કાર્યકરોને શુભેચ્છા આપતા નજરે પડ્યા હતા અને કાર્યકરોની ખુશીમાં સામેલ થયા હતા.
- વિદ્યાર્થીઓને ફટાકડા અને ડીજે ના સંગીતને પરિણામે પરીક્ષામાં વિક્ષેપ પડ્યો હતો.
- ોર્ડ નં-૫ ના બીએસપીના ઉમેદવાર રાજેશપુરી ગોસ્વામીએ ૫૦૦ થી વધુ મત મેળવ્યા હતા.
- વોર્ડ નં - ૬ ના વિજેતા પાર્વતીબેન પરમારને કોઈએ ગુલાલ કે ફુલોના હાર ન પહેરાવતા તેઓ પણ અચંબામાં પડ્યા હતા. અને ચાલતા ચાલતા કોલેજના ગેટ સુધી પહોંચ્યા હતા.
- વોર્ડ નં-૫ ના વિજયી ઉમેદવાર જીતુ રાયકા એ જીપના બોનેટ પર પોતાની આગવી શૈલીમાં ડાન્સ કરતા કાર્યકરો પણ ગેલમાં આવી ગયા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

- વોર્ડ નં- ૭ ના વિજેતા ઉમેદવાર હિરલબેન જોષીને વિજય સરઘસ કાઢવા ખુલ્લી જીપ જલ્દીના આવતા ઘણી રાહ જોવી પડતી હતી.જયારે જીપ આવી ત્યારે તેમની સાથે ગણ્યા ગાંઠ્યા ટેકેદારો સાથે હતા.
- જીતેલા ઉમેદવારોએ પોતાના ટેકેદારો માટે ખાસ ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે કેટલાક ઉમેદવારોએ હોટલમાં વ્યવસ્થા કરતા હોટલો પણ હાઉસફુલ જોવા મળતી હતી.
- મતગણતરી કેન્દ્ર પરથી દરેક જીતેલા ઉમેદવારોએ વિજય સરઘસ કાઢ્યું હતું અને પોતાના વોર્ડમાં ફરીને મતદારોનો આભાર માન્યો હતો.
- વોર્ડ નં-૬ ના વિજેતા ઉમેદવાર નાઝાભાઈ ઘાંઘર અને કાર્તિકભાઈ પટેલ એકબીજાને ભેટીને અભિનંદન આપ્યા હતા.
- વોર્ડ નં-૪ ના વિજેતા ઉમેદવાર અંકિત બારોટ વિજેતા થયા હોવા છતા પોતાના સાથી કર્મચારીઓ હાર્યા હોવાથી ચહેરા પર ખાસ ખુશી જોવા મળી ન હતી.
- વિજય સરઘસ દરમિયાન એક મોબાઈલ ચોર પકડાતા ટોળાએ તેને આડે હાથ લઈ તપાસ તેણે બીજા ત્રણ સાથે ચારની ગેંગ કાર્યરત હોવાનું કબુલ્યું હતું. આ દરમિયાન ટોળાએ તેને ફટકારવાનું ચાલું કર્યુ હતું પરંતુ પોલીસ આવી જતા બધા આઘા પાછા આવી ગયા હતા.
- વોર્ડ નં-૫ ના વિજેતા જીતુ રાયકાનું વિજય સરઘસ સમગ્ર ગોકુલપુરામાં ફર્યું હતું જયાં રબારી સમાજના બાળકોથી માંડી વયોવૃધ્ધો પણ ડીજેના તાલે મસ્તીથી ઝુમી ઉઠ્યા હતા. જયારે યુવતિઓએ ''તપેલીમાં શીરો જીતુભાઈ હીરો''ના સુત્રો પોંકાર્યા હતા.
- મતગણતરી કેન્દ્ર પર ભીડ વધવાના પગલે પોલીસે ગ-માર્ગ બંધ કરી દેવો પડ્યો હતો જેના કારણે ખ-રોડથી ડાયવર્ઝન લઈને ગ-રોડ પર વાહનચાલકોને છેક ઘ-માર્ગ સુધી લાંબા થવું પડવાથી રોષ વ્યાપ્યો હતો.
- મતગણતરી હોવાથી મોટીસંખ્યામાં ટેકેદારોને પગલે કોલેજ પાસે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા.
- કોંગ્રેસના ૧૫ ઉમેદવાર વિજેતા થતા જ કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા હિંમાશુ પટેલ અને નિશિત વ્યાસ મતગણતરી કેન્દ્ર પરથી કાર્યાલય પર જવા રવાના થયા હતા.
- ઉમેદવારો વિજેતા બનતા તાત્કાલીક મોં માગ્યા રૂપીયા આપી ડીજે વાળાને કોલેજ પર વિજય સરઘસ માટે બોલાવાયા હતા.